દિવ્ય ભાસ્કર ભાવનગર 15-09-2026

### 55% વિદ્યાર્થીઓને પ્લાસ્ટિક રિસાયક્લિંગ અંગે વધુ જાગૃતિની જરૂર

# પર્યાવરણ બચાવવાનો સંકલ્પ, 100 વિદ્યાર્થીઓએ લીધા જાગૃતિના શપથ

## કાકડિયા B.Ed. કોલેજના 98% છાત્રોએ વૃક્ષો રોપી જાળવણી કરી

ભાવનગર | 14 સપ્ટેમ્બર



ભાવનગરની એલ. એલ. કાકડિયા બી.એડ. કોલેજના તાલીમાર્થીઓ દ્વારા નવી પેઢીમાં પર્યાવરણીય સજાગતા અને સંરક્ષણના ઉદ્દાત હેતુથી સર્વેક્ષણ પદ્ધતિ હાથ ધરવામાં આવી હતી.

આ સર્વેક્ષણનો મુખ્ય ઉદ્દેશ્ય નવી પેઢીના વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રદૂષણ, જળ સંરક્ષણ, ઊર્જાનો કરકસરભર્યો ઉપયોગ, વૃક્ષારોપણ, કચરાનું યોગ્ય વ્યવસ્થાપન અને રોજિંદા જીવનમાં ઈકો-ફ્રેન્ડલી આદતો પ્રત્યેની જાગૃતિ તપાસવાનો હતો. આ હેતુ માટે 30 મહત્વપૂર્ણ વૈજ્ઞાનિક પ્રશ્નો આધારિત સર્વેક્ષણ પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી હતી, જેમાં ધોરણ 9ના 100 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાના સ્પષ્ટ પ્રતિભાવો નોંધાવ્યા હતા.

પ્રાધ્યાપક જલ્પનાબેન ત્રિવેદીના પ્રત્યક્ષ માર્ગદર્શન હેઠળ બી.એડ. તાલીમાર્થીઓ પાર્થ જોષી, અસ્લમ ઉચડિયા અને વત્સલ દવે દ્વારા માજીરાજ ગર્લ્સ હાઈસ્કૂલ તેમજ એકતા હાઈસ્કૂલ ખાતે 'પર્યાવરણ જાગૃતિ સર્વેક્ષણ ઝુંબેશ'નું આયોજન કરવામાં આવ્યું હતું. સર્વેક્ષણના પરિણામો અનુસાર 98 % વિદ્યાર્થીઓએ પોતાના ઘરમાં કે શાળા પરિસરમાં વૃક્ષારોપણ કરીને તેની સક્રિય જાળવણી કરેલ છે. 96 % વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે અભ્યાસક્રમના દરેક તબક્કે પર્યાવરણ શિક્ષણ સૈદ્ધાંતિક તેમજ પ્રાયોગિક ધોરણે ફરજિયાત બનાવવું જોઈએ.

આ ઉપરાંત, 95 % વિદ્યાર્થીઓ પોતાની આસપાસ સ્વચ્છતા રાખવામાં માને છે. ઊર્જા સંરક્ષણ ક્ષેત્રે 89 % વિદ્યાર્થીઓ જરૂર ન હોય ત્યારે વીજળીના ઉપકરણો બંધ રાખી ઊર્જા બચાવતા હોવાનું અને 74 % વિદ્યાર્થીઓ પ્રદૂષણ નિયંત્રણ કાજે જાહેર વાહન વ્યવહારનો ઉપયોગ પસંદ કરતા હોવાનું સામે આવ્યું હતું.

સર્વેક્ષણમાં કેટલાક સુધારાલક્ષી પાસાઓ પણ ધ્યાને આવ્યા હતા; જેમાં 60 % વિદ્યાર્થીઓ સરકારી પ્રદૂષણ નિયંત્રણ નીતિઓ અને પ્રોત્સાહક યોજનાઓ અંગે વધુ માર્ગદર્શન ઈચ્છતા હતા, જ્યારે પ્લાસ્ટિક રિસાયક્લિંગ અંગે 55 % વિદ્યાર્થીઓમાં પણ વિશેષ જાગૃતિ લાવવાની જરૂરિયાત જણાઈ હતી.

બંને શાળાઓના વિદ્યાર્થીઓએ તાલીમાર્થીઓ દ્વારા લેવાયેલી પર્યાવરણ જાગૃતિની શપથ વિધિમાં પણ ભાગ લીધો હતો.